ISSN: 2319-202X

# બી.એડ્ પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સામાજિક કૌશલ્યો અને સાંવેગિક બુદ્ધિનો કેટલાંક ચલોના સંદર્ભમાં

**ડૉ. નિલેષ પંડ્યા**
આસિસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી. ગાંધીનગર
Mo.9426337432 Email:- shrinile1976@gmail.com
**રજનીકાંત ચૌહાણ**
રિસર્ચ સ્કોલર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી. ગાંધીનગર
Mo.9825554262 Email:- rajnikantchauhan562@gmail.com

આદિમાનવથી આધુનિક માનવ બનવા માનવ વિકાસનાં જુદા–જુદા તબક્કામાંથી પસાર થયો છે. માણસ જંગલમાં રહેતો હતો ત્યારે તેનું વર્તન જંગલી પ્રાણીઓ જેવું હતું. જંગલમાંથી નીકળીને માનવ, સમૂહમાં રહેવા લાગ્યો .તે ખોરાક કપડાં, મકાન, કુટુંબ, અને સમાજનું મહત્વ સમજ્યો. તે સતત વિકાસશીલ રહ્યો. અન્ય પ્રાણીઓ કરતા બુદ્ધિનો ઉપયોગ કરવામાં માનવ હંમેશા આગળ રહ્યો છે. પરિણામે તે આજે વિશ્વ પર અન્ય પ્રાણીઓ કરતા વધુ અંકુશ ધરાવે છે. દરેક વ્યક્તિની બુદ્ધિએકસરખી હોતી નથી પરિણામે તેના વર્તનમાં ફેરફાર જોવા મળે છે. તેવી રીતે દરેક વિદ્યાર્થીની બુદ્ધિ એક સરખી હોતી નથી. તે તેની બુદ્ધિ ક્ષમતા અનુસાર સમાજમાં વર્તન કરે છે. સાંવેગિક બુદ્ધિ ના સંદર્ભમા વ્યક્તિનું વર્તન જોવામાં આવે છે.

વર્તમાન સમયમાં વ્યક્તિ પોતાના મન પર જલ્દી કાબુ રાખી શકતો નથી જેના કારણે તે ઘણીબધી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ સામે ઝઝૂમતો જોવા મળે છે. હાલના તબક્કે વ્યક્તિ શારીરિક સમસ્યાઓ, સામાજિક બાબતો, આર્થિક સંકડામણ, કારકિર્દી સંઘર્ષ, પારિવારિક મૂંઝવણ, વ્યાવસાયિક ઉતાર–ચઢાવ અનુભવે છે. તેના પરિણામે નિરાશા, હતાશા, ગૃહકલેશ, ચિંતાતુરતા, ભય, તણાવ, આક્રમકતા, બેચેની, જેવી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉદ્ભવે છે. મનોવૈજ્ઞાનિક સમસ્યાઓની ઘણી નકારાત્મક અસરો વ્યક્તિના શરીર અને સંબંધો પર પડતી હોય છે. ઘણીબધી શારીરિક સમસ્યાઓ કે ફરિયાદોના મૂળ મનોવૈજ્ઞાનિક હોય છે. સામાન્ય વ્યક્તિની જેમ શિક્ષક પણ એક સામાન્ય વ્યક્તિ છે શિક્ષક બનનાર બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓ પણ સામાન્ય વ્યક્તિ જ ગણાય છે. પરંતુ તેને ભાવિશિક્ષક તરીકે પણ જોવામાં આવે છે. ભવિષ્યમાં બી.એડ્. પ્રશિક્ષણાર્થીએ વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ કરવાનું છે. ભાવિપેઢીને તૈયાર કરવાનું કામ કરવાનું છે. આથી બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય પણ યોગ્ય હોવું જરૂરી બાબત છે. હાલના તબક્કે બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓમાં સામાજિક કૌશલ્યોમાં આત્મવિશ્વાસ, સામાજિક ભાવનાઓ, સંબંધ ટકાવી રાખવાની આવડત અને જવાબદારી

પ્રત્યેનું ભાન જરૂરી બાબત છે. પરંતુ હાલના સમયે બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓમાં મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ હોય તો તેની નકારાત્મક અસરો તેના અધ્યયન –અધ્યાપન અને વિદ્યાર્થી સંબંધો પર થઇ શકે છે. આ સમસ્યાઓને વધુ કે હળવી બનાવવામાં સામાજિક કૌશલ્યો અને સાંવેગિક બુદ્ધિ કારણભૂત બની શકે છે. મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનો સામાજિક કૌશલ્યો અને સાંવેગિકબુદ્ધિના સંદર્ભમાં તપાસવામાં આવે તો આ દિશામાં બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓનું માર્ગદર્શન કરી શકાય.

વર્તમાન સમયના સ્પર્ધાત્મક અને તણાવભર્યા યુગમાં લાગણીઓ સમજવી અને તેને નિયંત્રણમાં રાખવી ખૂબ જ મુશ્કેલ કાર્ય બની ગયું છે. જો વ્યક્તિ યોગ્ય સમયે અને યોગ્ય વ્યક્તિ સાથે પોતાની લાગણીઓને કાબૂમાં ન રાખી શકે તો તેના રોજિંદા વ્યવહારોમાં તેની અસર જોવા મળે છે. માટે પુખ્તવયના વિદ્યાર્થીઓ પર એટલે કે બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનો તેમના સામાજિક કૌશલ્યો અને સાંવેગિકબુદ્ધિ નો અભ્યાસ કરવો જરૂરી લાગે છે માટે સંશોધન હાથ ધરવાનું વિચાર્યું છે.

**સમસ્યા કથન:** પ્રસ્તુત સંશોધનનું શીર્ષકનીચે મુજબ છે.

બી.એડ્ પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સામાજિક કૌશલ્યો અને સાંવેગિક બુદ્ધિનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ.”

**ચાવીરૂપ શબ્દોની પરિભાષા અને વ્યવહારુ વ્યાખ્યા :**

**બી.એડ્.. પ્રશિક્ષણાર્થી :**

સ્નાતક/અનુસ્નાતક પછી શિક્ષક તરીકેનો વ્યાવસયિક તાલીમ મેળવવા બી.એડ્. કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને બી.એડ્. પ્રશિક્ષણાર્થી તરીકે ઓળખવામાં આવે છે.

**મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ :**

“માનસિક આરોગ્ય એ એક એવું વિજ્ઞાન છે જે માનવ કલ્યાણ સાથે સંબંધ ધરાવે છે તથા માનવ સંબંધોના દરેક ક્ષેત્રનો વ્યાપ વધારે છે.”

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા નક્કી કરવામાં આવેલા 12 ઘટકો આધારિત ‘મનોવૈજ્ઞાનિક સમસ્યા સંશોધિની’ પર મેળવેલા પ્રાપ્તાંકોને મનોવૈજ્ઞાનિક સમસ્યા તરીકે ગણવામાં આવી હતી.

**સામાજિક કૌશલ્યો :**

“સાંવેગિક બુદ્ધિ ધરાવતી વ્યક્તિ જૂથ સંચલનની પ્રક્રિયા સમજે છે. સામુહિક પ્રવ્રુતિઓ દ્વારા લોકો સાથે હળે મળે છે. અને લોકોને પણ તે માટે પ્રોત્સાહિત કરે છે.તેની સામાજિક્તા ઉચ્ચ કક્ષાની હોય છે. અન્ય વ્યક્તિઓના સામર્થ્ય અને મર્યાદાઓને સમજે છે. આમ તે સામાજિક કૌશલ્યો ધરાવે છે.

પ્રસ્તુત સંશોધનમાં શ્રી નિશાંત જોષી રચિત ‘ સામાજિક કૌશલ સંશોધિની’ પર ”પ્રશિક્ષણાર્થીઓએ મેળવેલા પ્રાપ્તાંકોને સામાજિક કૌશલ કહેવામાં આવ્યું છે.

**સંશોધનના હેતુઓ :** પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબના હતા.

1) બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓનો અભ્યાસ, જાતિ, વિસ્તાર, વિદ્યાશાખા, કૉલેજ પ્રકાર અને શૈક્ષણિક સ્તરનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
2) બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અભ્યાસ, જાતિ, વિસ્તાર, વિદ્યાશાખા, કૉલેજ પ્રકાર અને શૈક્ષણિક સ્તરનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
3) બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની સામાજિક કૌશલ્યોનો અભ્યાસ, જાતિ, વિસ્તાર, વિદ્યાશાખા, કૉલેજ પ્રકાર અને શૈક્ષણિક સ્તરનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.
4) બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સાંવેગિક બુદ્ધિ વચ્ચેનો સંબંધ ચકાસવો.
5) બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સામાજિક કૌશલ્યો વચ્ચેનો સંબંધ ચકાસવો.
6) બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યો વચ્ચેનો સંબંધ ચકાસવો.

**સંશોધન હેઠળના ચલ**

સંશોધનના શીર્ષકમાં સમાવિષ્ટ ચલોના આધારે ઉત્કલ્પનાની રચના કરવામાં આવે છે માટે ઉત્કલ્પના કયા કયા પરિબળોનો અભ્યાસ કરવાનો છે તે સ્પષ્ટ બને છે ઘણીવાર સંશોધન સમસ્યમાંથી સંશોધનમાં અનેક પરિબળો અસર કરતા હોય છે કેટલાક પરિબળોને સ્વતંત્ર ચલ, નિયંત્રિત ચલ, પરતંત્ર ચલ, તરીકે ઓળખવામાં આવે છે. “ચલ એ એવો ગુણ કે લક્ષણ છે કે જેની કિમતમા ફેરફાર થઇ શકે.”પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબના ચલ હતાં.

**સારણી : ૧.૧ અભ્યાસના ચલો**

| ક્રમ | ચલ | ચલ પ્રકાર | ચલની કક્ષા |
|---|---|---|---|
| (૧) | મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ | પરતંત્ર ચલ | -- |
| (૨) | સાંવેગિક બુદ્ધિ | પરતંત્ર ચલ | -- |
| (૩) | સામાજિક કૌશલ્યો | પરતંત્ર ચલ | -- |
| (૪) | જાતીયતા | સ્વતંત્ર ચલ | સ્ત્રી અને પુરુષ |
| (૫) | વિસ્તાર | સ્વતંત્ર ચલ | ગ્રામીણ અને શહેરી વિસ્તાર |
| (૬) | વિદ્યાશાખા | સ્વતંત્ર ચલ | આર્ટ્સકૉમર્સ અને સાયન્સ , |
| (૭) | કૉલેજ પ્રકાર | સ્વતંત્ર ચલ | અનુદાનિત અને સ્વનિર્ભર |
| (૮) | શૈક્ષણિક સ્તર | સ્વતંત્ર ચલ | સ્નાતક અને અનુસ્નાતક |

**અભ્યાસની ઉત્કલ્પનાઓ :**

૧. બી.એડ્.ના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨. બી.એડૂ.ના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૩. બી.એડૂ.ના સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૪. બી.એડૂ.ના ગ્રામીણ અને શહેરી પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૫. બી.એડૂ.ના ગ્રામીણ અને શહેરી પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૬. બી.એડૂ.ના ગ્રામીણ અને શહેરી પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૭ બી.એડૂ.ના આર્ટ્સ અને કોમર્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૮. બી.એડૂ.ના આર્ટ્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૯. બી.એડૂ.ના કૉમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૧૦. બી.એડૂ.ના આર્ટ્સ અને કોમર્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૧૧. બી.એડૂ.ના આર્ટ્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૧૨. બી.એડૂ.ના કૉમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૧૩. બી.એડૂ.ના આર્ટ્સ અને કોમર્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૧૪. બી.એડૂ.ના આર્ટ્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૧૫. બી.એડૂ.ના કૉમર્સ અને સાયન્સ વિદ્યાશાખાના પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૧૬. બી.એડૂ.ના અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.
૧૭. બી.એડૂ.ના અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૮. બી.એડ્.ના અનુદાનિત અને સ્વનિર્ભર કૉલેજના પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૧૯. બી.એડ્.ના સ્નાતક અને અનુસ્નાતક પદવી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓના મનોવૈજ્ઞાનિક સમસ્યા માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨૦. બી.એડ્.ના સ્નાતક અને અનુસ્નાતક પદવી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓના સાંવેગિક બુદ્ધિ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

૨૧. બી.એડ્.ના સ્નાતક અને અનુસ્નાતક પદવી ધરાવતા પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ સંશોધિની પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**અભ્યાસનું મહત્વ :**

પ્રસ્તુત અભ્યાસથી બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિકક્ષાની માહિતી મળશે. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ જાણી શકાશે. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ્યોને જાણી શકાશે. અભ્યાસની પ્રગતિ અને વિકાસ સાથે પોતાના સંવેગો પર નિયંત્રણ અંગે બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓમાં જાગૃતતા લાવી શકશે. બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ અને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ વિશે જાણી શકાશે. વિવિધ ક્ષેત્રોમાં બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓને માર્ગદર્શન આપવા પણ આ સંશોધનના તારણો ઉપયોગી બની શકે તેમ છે.

પ્રસ્તુત સંશોધનના તારણોના આધારે બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ તેમજ સામાજિક કૌશલ્યો અને સાંવેગિક બુદ્ધિ કેવી છે તે જાણી શકાશે કારણ કે

- બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓના શૈક્ષણિક કાર્ય દરમિયાન જો મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ સમજી ના શકે તો ઘણી બધી સમસ્યાઓ ઉદ્દભવે છે. તેને લીધે ઉચિત શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી.
- ક્યારેક દ્વિધામાં સરી પડે છે અને પરિણામે બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓ પોતાના ધ્યેય સુધી પહોંચી શકતા નથી માટે આ સંશોધન અભ્યાસથી બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓને યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપી શકાય છે.
- વર્તમાન સમયમાં જે બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓ જે ભવિષ્યમાં શિક્ષક બનવાના છે તેમના માટે આ અભ્યાસના તારણો ઉપયોગી બની શકે તેમ છે. આમ આ અભ્યાસ બધાના માટે ઉપયોગી બની રહે તેમ છે.

અભ્યાસનું સીમાંકન :

આ સંશોધન અભ્યાસની મર્યાદાઓ નીચે પ્રમાણે આપવામાં આવી છે.

- પ્રસ્તુત અભ્યાસમાં માત્ર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોને જ લેવામાં આવી છે.

- પ્રસ્તુત અભ્યાસમાં સામાજિક કૌશલ સંશોધિની એ અનુસ્નાતક કક્ષાએ તૈયાર કરવામાં આવેલું અપ્રમાણિત ઉપકરણ છે.
- પ્રસ્તુત અભ્યાસમાં મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ સંશોધિની અભ્યાસક દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેની પણ યથાર્થતા– વિશ્વસનિયતા ચકાસવામાં આવી ન હતી.

**અભ્યાસની મર્યાદા :**

૧.સામાજિક કૌશલ સંશોધિની એ અનુસ્નાતક કક્ષાએ તૈયાર કરવામાં આવેલું અપ્રમાણિત ઉપકરણ છે.

૨.મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ સંશોધિની અભ્યાસક દ્વારા તૈયાર કરવામાં આવી છે. જેની પણ યથાર્થતા– વિશ્વસનિયતા ચકાસવામાં આવી નથી.

**ઉપકરણ :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસના ઉપકરણ નીચે પ્રમાણે હતા.

**મનોવૈજ્ઞાનિક સમસ્યા સંશોધિની :**

સંશોધકરચિત મનોવૈજ્ઞાનિક સમસ્યા કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રશ્નાવલીમાં કુલ૧૦ વિભાગો હતા. જેમાં લાગણીઓ, બાહ્ય દેખાવ, આરોગ્ય, મિત્રો, કૉલેજ, માતાપિતા, શોખ, વર્તણુંક, ઘર, વિચારો જેવા મનોવૈજ્ઞાનિક સમસ્યાઓને આધારિત વિધાનો મૂકવામાં આવ્યા હતા. આમ કુલ ૧૨૦ કલમોની સંશોધિની તૈયાર કરવામાં આવી હતી.

**સામાજિક કૌશલ્યો સંશોધિની :**

સંશોધકરચિત સામાજિક કૌશલ્યો માપદંડ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓને સમાજમાં કેવા પ્રકારના અનુભવો થયા છે તે પ્રશ્નોને આધારિત ઉત્તરો લેવામાં આવ્યા હતા.

**સાંવેગિક બુદ્ધિ સંશોધિની:**

સંશોધક હિતેન્દ્રસિંહ પી. રાણા રચિત સાંવેગિક બુદ્ધિ સંશોધિની કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રશ્નાવલીમાં કૉલેજનો વિસ્તાર જેમાં ગ્રામ્ય અને શહેરી, જાતિયતા જેમાં પુરુષ અને સ્ત્રી, કૉલેજનો પ્રકાર જેમાં અનુદાનિત અને સ્વનિર્ભર, વિદ્યાશાખા જેમાં આટર્સ, કૉમર્સ,અને સાયન્સ, શૈક્ષણિક સ્તર જેમાં સ્નાતક અને અનુસ્નાતક જેવાં સાંવેગિક બુદ્ધિ સંશોધિની આધારિત વિધાનો મુકવામાં આવ્યા હતા. આમ કુલ ૭૨ કલમોની સંશોધિની તૈયાર કરવામાં આવી હતી.

**વ્યાપવિશ્વ :**

વ્યાપવિશ્વ એટલે સંશોધકને જેને લગતી માહિતી અપેક્ષિત છે તે એકમોની કુલ સંખ્યા, સંશોધક જેના વિષે માહિતી મેળવીને તારણો તારવે છે તે જૂથ. જેના માટે સંશોધન પરિણામોનું સામાન્યીકરણ કરવામાં આવે છે કે તે લોકો બનાવો અને વસ્તુઓ વગેરેનું

જૂથ, માહિતી મેળવવા સંશોધક જેમાંથી પ્રતિનિધિ રૂપ નાનો ભાગ પસંદ કરે છે તે જૂથ અથવા તો સંશોધક જેના વિષે સંશોધન અભ્યાસ કરે તે જૂથ.

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત યુનિવર્સિટીની અનુદાનિત તેમજ સ્વનિર્ભર બી.એડ્. કૉલેજોમાં વર્ષ૨૦૧૮–૧૯દરમિયાન અભ્યાસ કરતાં બી.એડ્. પ્રશિક્ષણાર્થીઓ વ્યાપવિશ્વ બનશે.

સારણીક્રમાંક : વ્યાપવિશ્વની માહિતી

| અનુદાનિત | સ્વનિર્ભર | કુલ |
|---|---|---|
| ૧૦ | ૩૫ | ૪૫ |

**સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો..

**માહિતી પૃથક્કરણ અને અર્થઘટન :**

પ્રસ્તુત સંશોધન માટે એકત્રિત કરેલ માહિતીનું કમ્પ્યૂટર M.S. Excel પ્રોગ્રામ દ્વારા વર્ગીકરણ કરવામાં આવ્યું હતું .જેમાં પ્રત્યેક પરતંત્ર ચલ અને સ્વતંત્ર ચલની માહિતી દર્શાવતી ડેટાશીટ તૈયાર કરવામાં આવી હતી. ડેટાશીટ તૈયાર કર્યા બાદ તેને SPSS સોફ્ટવેરમાં તમામ માહિતી વિવિધ ચલો પ્રમાણે અલગ અલગ પ્રાપ્તાંકોની T Test ગણતરી કરવામાં આવી હતી. ઉત્કલ્પનઓના અનુસંધાને માહિતીને વર્ગીકૃત કરી સરાસરી પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. જેમાં તેની સાર્થકતાને ચકાસવામાં આવી હતી.

**અભ્યાસના તારણો :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસના આધારે નીચે મુજબનાં તારણો પ્રાપ્ત થયા હતાં.

1. બી.એડ્.માં અભ્યાસ કરતાં સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ પુરુષ પ્રશિક્ષણાર્થીઓ કરતા વધારે જોવા મળે છે.
2. બી.એડ્.માં અભ્યાસ કરતાં સ્ત્રી અને પુરુષ પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ લગભગ સમાન હોય છે.
3. બી.એડ્.માં અભ્યાસ કરતાં પુરુષ પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલ્યો સ્ત્રી પ્રશિક્ષણાર્થીઓ કરતા વધારે જોવા મળે છે.
4. બી.એડ્.માં અભ્યાસ કરતાં ગ્રામીણ અને શહેરી પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યોમાં કોઇ તફાવત જોવા મળતો નથી.
5. બી.એડ્.માં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓની વિદ્યાશાખા (આટર્સ, કૉમર્સ અને સાયન્સ)ના સંદર્ભે મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યો લગભગ સમાન જોવા મળે છે.

ISSN: 2319-202X

6. બી.એડ્.માં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓની કૉલેજના પ્રકાર (અનુદાનિત અને સ્વનિર્ભર)ને અનુલક્ષીને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યોમાં કોઇ ખાસ તફાવત જોવા મળતો નથી.
7. બી.એડ્.માં અભ્યાસ કરતાં પ્રશિક્ષણાર્થીઓનો શૈક્ષણિક સ્તર (સ્નાતક અને અનુસ્નાતક) અનુલક્ષીને મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ, સાંવેગિક બુદ્ધિ અને સામાજિક કૌશલ્યોમાં કોઇ તફાવત જોવા મળ્યો નથી.
8. મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સામાજિક કૌશલો વચ્ચે નકારાત્મક સહસંબંધ જોવા મળે છે. જેથી જે પ્રશિક્ષણાર્થીઓના સામાજિક કૌશલો સારા હોય છે તેવા પ્રશિક્ષણાર્થીઓને ઓછી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉદ્દ્ભવે છે.
9. મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ અને સાંવેગિક બુદ્ધિ વચ્ચે નકારાત્મક સહસંબંધ જોવા મળે છે. જેથી જે પ્રશિક્ષણાર્થીઓની સાંવેગિક બુદ્ધિ સારી હોય છે તેવા પ્રશિક્ષણાર્થીઓને ઓછી મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઉદ્દ્ભવે છે.

**ઉપસંહાર :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ગુજરાત યુનિવર્સિટીની અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્ કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓના જાતિ, વિસ્તાર, અભ્યાસ, અને સ્નાતક, અનુસ્નાતક કક્ષાના સંદર્ભમાં અભ્યાસ કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની બી.એડ્ કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓને નિદર્શ તરીકે લઇ તેમના પ્રાપ્તાંકો પરથી તારણો તારવવામાં આવ્યા હતા. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ગુજરાત યુનિવર્સિટીની અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્ કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓ પૂરતો મર્યાદિત હોવાથી તેને સમગ્ર વ્યાપવિશ્વ પર લાગુ પાડી શકાય નહી. તેમ છતાં બીજી યુનિવર્સિટીની અનુદાનિત અને સ્વનિર્ભર બી.એડ્ કૉલેજોના પ્રશિક્ષણાર્થીઓની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ જાણવા માટે જો આ અભ્યાસ ઉપયોગી નીવડશે તો સંશોધકનો આ નમ્ર લઘુપ્રયાસ સાર્થક થયો ગણાશે.

**સંદર્ભસૂચિ**

દોંગા એન. (૨૦૧૨) **અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ.** (પ્રથમ આવ્રુતિ) રાજકોટ, નિર્જ્ઞિન સાયકો સેન્ટર. રાજકોટ

શાહ જી.કે. (૧૯૯૯) **શૈક્ષણિક મનોવિજ્ઞાન,** (ચોથી આવ્રુતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. અમદાવાદ.

ઉચાટ ડી.એ. (૨૦૧૨) **શિક્ષણઅને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર,** પારસ પ્રકાશન, રાજકોટ

પટેલ મફતલાલ (૨૦૧૨) **અસાધારણ મનોવિજ્ઞાન,** (છ્ઠ્ઠી આવૃત્તિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. અમદાવાદ.

જોગસણ યોગેશ ( ૨૦૧૬) **માનસિક સ્વાસ્થ્ય,** (પ્રથમ આવૃત્તિ) જે. કે. પ્રિન્ટ, રાજકોટ